# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-10-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PRADYUMAN VAJA

રાજ્યના કેબિનેટ મંત્રી પ્રદ્યુમન વાજાએ  આજે ગાંધીનગર સ્વર્ણિમ સંકુલ –૧ ખાતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તેમજ શિક્ષણ વિભાગના કાર્યાલયમાં પદગ્રહણ કર્યું. કોડીનારના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી શ્રી વાજાએ ભારતનું બંધારણ અને સરસ્વતી માતાજી તેમજ ડો.બાબાસાહેબ આંબેડકરના ચરણોમાં વંદન કરી વિધિવત રીતે પદગ્રહણ કર્યું હતું. તેમણે પૂર્વ મંત્રી સ્વર્ગસ્થ ફકીરભાઈ વાઘેલાના નિવાસસ્થાને તેમની છબીને માલ્યાર્પણ કરી શ્રદ્ધાંજલિ અર્પી  ઉપરાંત વરિષ્ઠ આગેવાન રતિલાલ વર્માના નિવાસસ્થાને જઈ આશીર્વાદ લીધા.

. . . . . . . . .

# TAPI ACCIDENT

તાપીના નિઝરમાં કાર અને રિક્ષા વચ્ચે અકસ્માત થયો હતો. વેલદા ટાંકી નજીક થયેલા અકસ્માતમાં 9 લોકો ઇજાગ્રસ્ત થતાં તેઓને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. અમારા પ્રતિનિધિ નીરવ કંસારા જણાવે છે રિક્ષામાં  4 અને કારમાં 5 લોકો સવાર હતા.

. . . . . . . . .

# KUTCH AAG

કચ્છ જિલ્લાના સુરજબારી પુલ નજીક શિકારપુર ચોકડી પાસે મોડી રાત્રે ભુજથી અમદાવાદ જતી ખાનગી મુસાફર બસમાં આગ લાગવાની ઘટના બની હતી. જોકે ડ્રાઇવર અને સ્ટાફની સતર્કતાથી સમય રહેતા તમામ મુસાફરોને સલામત રીતે ઉતારી દેતાં મોટી જાનહાનિ ટળી હતી. ઘટનાની જાણ થતા ભચાઉ ફાયર મથકની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો.

. . . . . . . .

# GST BACHAT UTSAV

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલ અને 22મી સપ્ટેમ્બરથી શરૂ કરાયેલ GST બચત ઉત્સવ, સમાજના તમામ વર્ગના લોકોને લાભ આપી રહ્યો છે. ઇલેક્ટ્રોનિક ઉત્પાદનોમાં GSTમાં ઘટાડો થતાં લોકો સરકારનો આભાર માની રહ્યા છે. આ અંગે જામનગરના એક ગ્રાહકે પ્રતિક્રિયા આપી.

(બાઇટ : કાજલ – ગ્રાહક)

. . . . . . . . . .

# MEHSANA BETHAK

મહેસાણામાં કલેક્ટર કચેરી ખાતે સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ. જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં રજૂ થયેલા વિવિધ પ્રશ્નો અંગે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનો અપાયા. આ ઉપરાંત સાંસદ અને ધારાસભ્ય દ્વારા માર્ગ સમારકામ, રીસર્વે, સહિતના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. તે અંગે જિલ્લા કલેકટરે સંબંધિત અધિકારીઓને પ્રશ્નોના નિકાલ માટે સૂચના આપી હતી.

. . . . . . . . . .

# WOMEN'S CRICKET

મહિલા ક્રિકેટ વિશ્વ કપમાં આજે ઈન્દોરમાં યજમાન ભારતનો મુકાબલો ઇંગ્લેન્ડ સામે થશે. ભારતીય સમય મુજબ આ મેચ હમણાં ત્રણ વાગ્યાથી શરૂ થશે.

હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય ટીમ સતત બે હાર બાદ પોઈન્ટ ટેબલમાં ચોથા સ્થાને સરકી ગઈ છે. જ્યારે ઇંગ્લેન્ડ ત્રીજા સ્થાને છે.

દરમિયાન ગઈકાલે કોલંબોમાં ન્યુઝીલેન્ડ અને પાકિસ્તાન વચ્ચેની મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી. રમતના સમયે પાકિસ્તાને **25** ઓવરમાં પાંચ વિકેટે **92** રન બનાવ્યા હતા. પાકિસ્તાને અત્યાર સુધી ટુર્નામેન્ટમાં એક પણ મેચ જીતી નથી અને પોઈન્ટ ટેબલમાં છેલ્લા સ્થાને છે.

. . . . . . . . . . .

# CHHOTA UDEPUR SWADESHI

વોકલ ફોરલોકલ અને ઘર ઘર સ્વદેશી અભિયાનનાકારણે છોટાઉદેપુર જિલ્લાના અંબાલા ગામના 50 જેટલા હસ્તકળાનાપરિવારોને ફરી રોજગારી મળી રહી છે. ધાણુક સમુદાયના હસ્તકલાના કારીગરો માટીના વાસણોબનાવી તેનું વેચાણ કરી આજીવિકા મેળવતા હતા , પરંતુ સમય જતાં માટીનાવાસણોનું સ્થાન એલ્યુમિનિયન, સ્ટીલના વાસણોએ લઈ લેતા હસ્ત કલાના કારીગરો બેરોજગાર બન્યાહતા. જોકે હર ઘર સ્વદેશી અભિયાનને પગલે હવેફરી એકવાર આજીવિકા મેળવતા થતાં થયા છે.

. . . . . . .